R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA


Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૯મું

VOLUME : 03 • ISSUE : 8 • PAGES : 20 • MUMBAI • DATE : 20TH FEBRUARY 2023

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

# MICROFINISH

**Pumps • Valves • Automation**




## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

**તંત્રી સ્થાનેથી**

# પરીક્ષાની મૌસમ



**કાર્ય. તંત્રી : એડ. ઉદયનભાઈ શાહ : ૯૮૨૧૦ ૦૪૨૬૯ (સાંજે ૫ થી ૯)**

'બેટા સારા માર્ક્સ લાવીશ તો જ સારી કોલેજમાં પ્રવેશ મળશે' આ વાક્ય આપણે આપણા સંતાનોને દરરોજ કહેતા હોઇએ છીએ. 10મા અને 1રમાની પરીક્ષાની મૌસમ આખા દેશમાં પૂરબહારમાં છે. સાથે સાથે આંબા ઉપર મોર આવ્યા છે. વસંતનો વૈભવ ફેલાઇ રહ્યો છે. ફાગણ ધીમેધીમે કેસુડો રંગ ધારણ કરી રહ્યો છે. અને ધુળેટી આવતા તમારા શહેર/ગામના વૃક્ષો લાલ અને પીળા રંગોના ફૂલોથી સુંદર થઇ જશે.

પરીક્ષાઓની તૈયારી, સારા માર્ક્સ, સારી કોલેજ અને ઉજ્જવળ કારકિર્દીની ખેવના દરેક વિદ્યાર્થીને હોય છે અને હોવી જ જોઇએ. પણ ર1મી સદીમાં ભણતરનો બોજો અને ખર્ચો ગાંડપણની બધી સીમાઓ પાર કરી ગયો છે. અને એટલી હદ સુધી કે માનનીય પ્રધાનમંત્રી પણ પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓનું મનોબળ વધારવા રેડીયો પર વાર્તાલાપ કરે છે. દોસ્તો તમે પરીક્ષાની તૈયારી કરી રહ્યા છો ત્યારે તમારી આંખોમાં સપના આકાર લઇ રહ્યાં છે અને યુવાનીને પાંખો આવી રહી છે ત્યારે ભણીને તમે શું બનવા ઇચ્છો છો? ડોક્ટર, ઇન્જીનીયર વગેરે... સરસ અને સાથે સાથે એ પણ જોજો તમે કયા પ્રકારના વ્યક્તિ બનવા ઇચ્છો છો? આ માટે તમે મોટા ભાગે હીરો, હીરોઇન અને ખેલાડીઓના નામ આપશો એ સારી વાત છે પણ આ બધામાં તમે તમારૂં કુદરતે આપેલું અનોખું વ્યક્તિત્વ ભુલી ન જતાં. તમે પોતે એક 'વ્યક્તિ વિશેષ' એટલે કે બ્રાન્ડ બની શકો એ જોજો.

તમે ભણવામાં કદાચ બહુજ હોશિંયાર ન હો તો વાંધો નહીં, પણ મહેનત કરી એક ડિગ્રી મેળવવી જરૂરી છે. જેથી કરીને તમને ભાષા ઉપર પ્રભુત્વ મળે અને સંભાષણ કે વાતચીતની કળા એટલે કે કોમ્યુનિકેશન સ્કીલ ડેવલપ થઇ શકે. ભાષાઓ અને શબ્દો કેમ વાપરવા એના ઉપર જો તમે પ્રભુત્વ ધરાવશો તો તમે કોઇપણ ક્ષેત્રમાં નામના કરી શકશો. આની સાથે તમે જે કારકિર્દી બનાવવાની ઇચ્છા કરશો, મહેનત કરશો તો તમે ખેલાડી બનવા ઇચ્છતા હો તો કેપ્ટન બની શકશો. સારા કોચ બની શકશો.

આપણા પ્રધાનમંત્રીની કોમ્યુનિકેશન સ્કીલ જોઇ છે? તમને કારકિર્દીમાં કે પરીક્ષામાં બહુજ સફળ બનવાની ઇચ્છા હોય તો સખત મહેનત તો કરવી પડશે સાથે સાથે આ તમે કરી શકો છો એવો વિશ્વાસ ઊભો કરવો પડશે. પરીક્ષા દરમિયાન ખોટા વિચારો ન આવે અને મન એકાગ્ર રહે એ માટે મારે શું કરવું? તો દોસ્તો આનો એક જ ઉપાય છે. વાંદરા જેવા મનના ખોટા વિચારોને ગણકારવાજ નહીં, છો ને આવતા. સફળતા માટે આત્મવિશ્વાસ જરૂરી છે, આત્મવિશ્વાસ માટે એકાગ્રતા જરૂરી છે અને એકાગ્રતા માટે તૈયારી જરૂરી છે.

પ્રકાશ સમીક્ષા વતિ દરેક વિદ્યાર્થીને શુભકામનાઓ

**જાહેરાતદારોને નિવેદન**

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

## આદ્યતંત્રીઓ

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

ડૉ. હીરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**

કેશરસિંહ આણંદજી ખોના ઉદયન લાલજી લોડાયા



**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ

માનદ્મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના
પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા
શૈલેશ સનત્ શાહ
ઉદયન લાલજી લોડાયા
કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા


**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**


**વૉલ્યુમ : ૦૩, અંક : ૮, તા. ૨૦-૦૨-૨૦૨૩**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ

મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**


## સૌથી શ્રેષ્ઠ ડીલર તેમજ સૌથી શ્રેષ્ઠ કંપની

Rivulis Irrigation



**મહેનત ઓછી..! નફો વધારે..!**



**: અમારી મુખ્ય વિશેષતાઓ :**

- તમારા પાક ને અનુલક્ષીને સૌથી શ્રેષ્ઠ ડીઝાઈન તૈયાર કરી આપવામાં આવશે.
- સૌથી ઓછા સમયગાળામાં ડ્રીપ ફીટીંગનું કાર્ય પૂર્ણ કરવાની કાબીલિયત.
- એકથી માંડી અનેક એકર જમીન માં ડ્રીપ કાર્ય પૂર્ણ કરવાની આવડત અને જવાબદારી.

**: અમારી શ્રેષ્ઠ સુવિધાઓ :**

- ૦ થી ૨૦ એકર જમીનમાં ડ્રીપ લગાવતા ખેડુતો માટે વાઈડર મશીન પર ૫૦% ની સહાય તેમજ ૨૦ એકર કે તેથી વધારે જમીન ધરાવતા ખેડુતો માટે આ સહાય તદન મફત ફી ધોરણે મળવા પાત્ર
- ડ્રીપ ફીટીંગ થયા બાદ અમુક સમયાંતરે ચેકીંગ અને ફ્રી સર્વીસ કરી આપશું. ખેડુતો માટે ખેતી વિષયક માહિતી સંપૂર્ણપણે આપવામાં આવશે. (ઓફીસ સમય દરમિયાન)

**: ખાસ નોંધ :**

- **એક વખત ડ્રીપ સબસીડીનો લાભ મેળવેલ ખેડુતોને સરકારશ્રી તરફથી ફરી લાભ મળવા પાત્ર છે.** તો રાહ ન જુઓ અને નીચેના નંબર પર કોલ કરી માહિતી મેળવો.
- ડ્રીપને લગતું તમામ ચીજ, વસ્તુઓ ઓછા અને વ્યાજબી ભાવે મળી રહેશે.

**અટલ ભુજલ યોજના ૧૫% વધારાની સબસીડી (પસંદગીના ગામોમાં જ)**

**ખેડૂત મિત્રો, જીજીઆરસી એ સર્ક્યુલર મોકલેલ છે હવે ૧ એપ્રિલથી DBT નો નિયમ આવે છે. તેમાં ખેડુતને પુરૂં પેમેન્ટ ભરવાનું રહે છે. પછી સબસીડી ખેડૂતના બેંક ખાતામાં પાછી આવશે. પરંતુ ૩૧ માર્ચ પહેલા કેસ ફાઈનલ થાય તો DBT લાગશે નહિં. તો જે ખેડૂત ભાઈઓ ડ્રિપ ઈરીગેશન સિસ્ટમ લગાવવા માંગતા હોય તે ખેડૂતો એ આ DBT નો નિયમ લાગુ પડે તે પહેલા ફાઈલ મુકી વર્ક ઓર્ડર કઢાવી રજીસ્ટ્રેશન કરાવી ડ્રિપ લગાવવા માંગતા હોય તે ખેડૂતોએ જલ્દી અમારો કોન્ટેક કરવો.**

Dealer at Kutch

DHRIYA ESSENTIAL OILS

ઉર્મિલ રમણીકલાલ ગાલા (સમાઘોઘા)

✆ 9594915013

ઓફિસ : ગુંદાલા ચોકડી, તાલુકો મુંદ્રા, ગુજરાત-૩૭૦ ૪૧૦. Email : dhiryaessentialoil@gmail.com

*આવો આધુનિક ખેતી તરફ વળીએ !!!*

BINITA MARU - 9869034182



**|| શ્રી આદિનાથાય નમઃ ||**



**ચાલો મંજલ રેલડીયા ગામ...**
**આવો દાદાને દરબાર, ચડાવા**
**ધજાને હાર, અઢાર અભિષેકને સંગ**
**ભાવનામાં ગરબે રમતા રાખશું રંગ**

**આદિ તીર્થાધિપતિનો ૧૪૧મો ધ્વજારોહણ**

**૧૮ અભિષેક, સત્તરભેદી પૂજન સહ શિખરે ધ્વજારોહણ**

જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે, મંજલ રેલડીયા તીર્થ વર્તમાન જિનાલયનું અંતિમ ૧૪૧મો ધ્વજારોહણ શિખરે લહેરાતાં નિહાળવા તેમજ દાદાની ભક્તિ કરવા પધારો... પધારો... પધારો...

વિક્રમ સંવત ૨૦૭૯, વૈશાખ સુદ-૧૦, શનિવાર, તા. ૨૯/૦૪/૨૦૨૩ થી વૈશાખ સુદ-૧૧, રવિવાર, તા. ૩૦/૦૪/૨૦૨૩ બે દિવસીય મહોત્સવમાં ૧૮ અભિષેક પૂજન, સત્તર ભેદી પૂજા, સંધ્યા ભક્તિભાવના અને શુભ મુહૂર્તે દેવાધિદેવની શિખરે ધ્વજા વિધિકાર-સંગીતકાર શ્રી ચંદ્રકાંતભાઈ દેઢીયા અને સાથી કલાકારોના સંગીતમય સૂરાવલીઓના સથવારે લહેરાશે.

**:: ૧૪૧મો ધ્વજારોહણના લાભાર્થી પરિવાર ::**

**શ્રી હંસરાજ મુલજી ચત્રભુજ લોડાયા (વારાપધર)**

હસ્તે સંઘમાતા ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા

પધારનાર સર્વે મંજલ રેલડીયા ગામવાસી શ્રાવક-શ્રાવિકાઓના ઉતારાની વ્યવસ્થ સામૂહિકપણે મંજલ રેલડીયા, ડુમરા, રાયધજર અતિથિભવને વહેલા તે પહેલાના ધોરણે કરવામાં આવશે. આપના આગમનની આગોતરી જાણ શ્રી સોમ ધરમશી - ૯૭૨૬૭ ૭૬૬૨૭ ઉપર ફોન કરી અથવા વોટ્સએપ દ્વારા જરૂરથી જણાવશોજી. અચલગચ્છના શ્રમણ-શ્રમણી ભગવંતોની નિશ્રા માટે વિનંતી કરાયેલ છે. અનુકુળતાએ તેઓ પધારશે.

**:: નિમંત્રક ::**

શ્રી આદેશ્વર મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ, મુંબઈ.
શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘ, મુંબઈ.
સંઘમાતા માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા પરિવાર (વારાપધર)



# ચલતે... ચલતે...



સંશોધનકાર : શ્રીમતી હીરા નેણશી ખોના
મો. : ૯૮૨૦૧ ૭૩૯૭૫

ભાગ - ૨૮

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

## ''અમે ભજવેલા નાટકો (૨)''



**''ઉપરની તસ્વીર અમે ભજવેલ શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘના ૧૨માં વાર્ષિકોત્સવ દિનાંક ૨૮મી ઓગષ્ટ, ૧૯૬૬ને રવિવારનાં કાર્યક્રમની છે. આ અમારું ચોથું નાટક હતું, જેમાં શ્રીમતી હિરાબેન ખોના, શ્રી ધનરાજ દેવશી ખોના તે વખતે ઉંમર લગભગ ૧૧ વર્ષની, અન્ય બે બાળકોએ ભાગ લીધેલ. સોમ ધરમશીએ ડબલરોડમાં ભાગ ભજવેલ અને (વધુ વિગત નીચેના ફોટામાં...)**

ગત અંકમાં છાપેલ અમે ભજવેલ નાટકો માંથી એક નાટકની છબીનાં મેં પુછેલ પ્રશ્નોનાં જવાબમાં લગભગ ૧૮ થી ૨૦ વાચકોના જવાબ આવી ગયા. ૩૫ થી ૪૦ વાચકો કદાચ એવા છે જેમની પાસે જવાબ છે પણ કલમ ઉપડતી નથી અથવા વોટ્સએપ કરવા ''ટેમ નાય''.

છપાયેલ ફોટા આપણી જ્ઞાતિના બે ધુરંધર કલાકારોનાં છે. સ્વ. શ્રી નેણશી દેવશી ખોના (નલિયા-અંધેરી) જે તા. ૧૪/૧૨/૨૦૦૧નાં જિંદગીનાં સ્ટેજ પરથી વિદાય લઈ ગયા. તેઓની જિંદગીને હળવાશથી લેવાની ટેવ, એક હાલતું ચાલતું વસ્તીપત્રક, મઘઈ ૧૨૦ પાનની જોડીને ચબાવી એના રસમાંથી રમુજી ટુચકાઓની વર્ષાબહાર, એમની સાથે વિતાવેલ રંગીન રયાણો આજે પણ મન પર અંકિત થઈને પડી છે, અને ઘણું બધું... એ બધું લખવા બેશું તો એકાદ-બે અંક ભરાઈ જાય... અસ્તુ.

શ્રીમતી હીરાબેન નેણશી ખોના (નલિયા-અંધેરી) જન્મ તા. ૨૮/૦૭/૧૯૩૮. આજે ૮૫ વર્ષની જૈફ ઉંમરે મારા લેખોના સંશોધન કાર્યમાં મદદ કરે છે. ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ હોય કે નલિયા નારી નિગમ હોય, પણ પોતાની પ્રતિભાની છાંટ તેમાં અવશ્ય છોડવાના.

શ્રીમતી હિરાબેન મારા સગા બહેન હોવાથી નાનપણના ઘણા સંસ્મરણો અહીં યાદ આવે છે. તેમાંથી એકાદ-બે ટપકાવી આગળ વધીશ. હીરા ગણિતમાં બહુજ હોંશિયાર. એક વખત ગણિતના પેપરમાં તેને ૧૦૦ માંથી ૯૫ માર્ક આવ્યા. પ્રથમ તો તે ગણિતના શિક્ષક સાથે ઝગડી. પછી પ્રિન્સીપાલ પાસે ગઈ અને મારા જવાબપત્રમાં બધા જ સવાલોના જવાબ સંપૂર્ણ રીતે સાચા છે તો પછી મારા પાંચ માર્ક શા માટે કાપી નાખવામાં આવ્યા ?

પ્રિન્સીપાલે કહ્યું, સ્વચ્છતાનાં પાંચ માર્ક કદાચ પરિક્ષકે કાપ્યા હશે. હીરા એ જીદ કરી મારા જવાબપત્રમાં ક્યાં પણ છેક-છાક નથી કે મેં કોઈ પાનું ખરાબ ક્યું નથી તેથી મને પુરે પુરા ૧૦૦ માર્ક મળવા જ જોઈએ. અને તે લઈને જ રહી...

અમારા વચ્ચે સાત વર્ષનો તફાવત છે પણ તેણે મને



**સ્વ. શ્રી નેણશી ખોનાએ ભજવેલ ને દિગ્દર્શિત કરેલ. આપે આ નાટકનું શિર્ષક શોધવાનું છે. ક્લૂ ફોટામાં જ છે. ફોટામાંનાં એકાદ કલાકારનાં વ્યવસાય સાથે જોડાયેલું છે. થોડુંક કઠીન છે પણ અશક્ય તો નથી જ. ખડગ પર ચાલતી વિશા સ્કુલ કે કોઈપણ સ્કુલને યાદ કરો તો મળી જશે. જો જો મોડા ના પડતા... જવાબ મોકલવાની છેલ્લી તારીખ : ૧૫/૦૩/૨૦૨૩.** **(વધુ પેજ નંબર ૭ )**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : હંસ બી. ખીમજી - તેરા (માટુંગા). અનુભવ શ્રેષ્ઠ શિક્ષક છે.**


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

(પેજ નંબર ૫ પરથી ચાલુ)
નાનપણમાં રમાળ્યો નથી, કારણ કે હું નાનો હતો ત્યારે જાડો અને વજનદાર તેથી તેના હાથમાંથી છટકી જતો, (એવું એ આજે પણ સૌને કહે છે...) સાચેસાચ તો બેન નિશાળેથી આવી, કપડા બદલી બીજા દિવસનું હોમ વર્ક પુરું કરવામાં તત્પર રહેતી. પછી મને રમાડવાનો સમય ક્યાંથી મળે. હીરા પિતાશ્રીની ચાગલી હતી કારણ કે તે ભણતરમાં અવ્વલ અને હું હતો ઢબુનો ઢ....

આ બે જુદા-જુદા વ્યક્તિત્વ સાથે લગભગ નાના-મોટા ૬ થી ૭ નાટકોમાં કામ કરવાનો મોકો મને મળ્યો છે. ઘણું બધું વિસરાઈ ગયું છે. પણ જે યાદ છે તેને કંડારવાનો છું.

નાટકનાં શોખનાં બીજ તો મારામાં નાનપણથી જ વવાયેલા સ્મરણપટ પર વિહાર કરતાં યાદ આવે છે...

લગભગ ઈ.સ. ૧૯૪૯-૫૦ની વાતો, મારા પિતાશ્રી અમને સહકુટુંબ મુંબઈ કાલબાદેવી રોડ પર આવેલ ભાંગવાડી થિયેટરમાં શ્રી દેશી નાટક સમાજના (૧૮૮૯થી ૧૯૮૦ સુધી- શ્રી દેશી નાટક સમાજનો ઈતિહાસ તેના કલાકારો વિષેની વાતો કોઈક આગલાં અંકોમાં) નાટક જોવા લઈ જતા. પિતાશ્રી એડવાન્સમાં ટિકિટ આખા કુટુંબ માટે બુક કરાવતા. ઘોડાગાડીમાં અમારા નિવાસ સ્થાન કોટ હોલી ચકલાથી કાલબાદેવીનાં ભાંગવાડી થિયેટર સુધી બધા સાથે જતા. હું, મારા માતાજી, મારા મોટાભાઈ, મારી મોટી બેન, મારા ભાભીશ્રી, મારો ભત્રીજો-ભત્રીજી અને ઘરમાં કોઈ મહેમાન હોય... એમ અમે બધા પિતાશ્રી સાથે નાટક જોવા લગભગ આગળની હરોળમાં બેસતા.

નાટક શરૂ થાય તે પહેલાં ત્રણ ઘંટીઓ વાગતી. નાટકનો પડદો ઉપડતો અને સ્ટેજની નીચે પણ આગળ બેઠેલા હાર્મોનીયમ અને તબલાવાદક નાટ્યદેવીની સ્તુતિ, પ્રાર્થના કરતા, ગાતા અને પછી નાટક શરૂ થતું.

યાદ આવે છે એ નાટકો જે ઐતિહાસીક કે સમાજ ઉત્થાનલક્ષી હતા જેમકે, સર્વોદય માલવપતિ મુંજ, વડીલોનાં વાંકે, સંપત્તિ માટે, વીરપસલી ઈત્યાદી. આ બધા નાટકો સંગીતથી સભર હતા અને મુળચંદ મામા, કાસમભાઈ વગેરેનું સંગીત નિર્દેશન રહેતું.

તે જમાનામાં માઈકની વ્યવસ્થા નહોતી પણ અસરફખાન, (જેઓની પોતાની ભાષા ઉર્દૂ કે પુસ્તુ હતી પણ ગુજરાતી નાટક માટે તેમણે માસ્તર રાખી ગુજરાતી ભાષા શીખી હતી.) માસ્ટર વસંત, માસ્ટર ગોરધનના જોરદાર સંવાદોથી હોલ ગાજી ઉઠતો, તો હંસાકુમારી, વનલતા મહેતાનાં કંઠે ગવાયેલ ગીતો ઉપર ''વન્સમોર'' પડતી. સ્ટેજ ઉપર રૂપિયાનાં સિક્કાનો વરસાદ પડતો.

એ નાટકોનાં કેટલાક ગીતો ધુન સહિત આજે પણ કાનમાં ગુંજે છે....

(૧) મીઠા લાગ્યા તા મને આજનાં ઉજગરા...

(૨) ઝટ જાઓ ચંદનહાર લાવો, ઘુંઘટપટ નહીં ખોલું...

(૩) પિયુ પેલી પેસેન્જરમાં આવજો રે...

(૪) સાયેબો મારો ગુલાબનો છોડ...

(૫) તારી મહેરબાની નથી કોઈ કદરદાની નથી...

(ઉપરના ગીતોની લીંક જરૂરત હોય તો વોટ્સએપ પર મોકલી શકાશે...)

સાંજનાં ૬ વાગ્યે નાટક છુટતું અને પિતાશ્રીની આગેવાની હેઠળ કુટુંબ પહોંચતું ભુલેશ્વરનાં નાકે, ખાંચામાં આવેલ દુકાનમાં કાંજીવડા અને દહીંવડા મળતા. તેની જ્યાફત ઉડાડી સામે આવેલ દેસાઈ ભાઈશંકર ગૌરીશંકરમાં લસ્સીનો પંજાબી ગ્લાસ ને પેટમાં ઓમ સ્વાહા કરી ઘોડાગાડી કરી પાછા ફરતા.

આ સમગ્ર પ્રવાસ દરમ્યાન મારા પુ. ભાભીશ્રી સુશીલાબેનનાં મસ્તક પર ઘુંઘટ રહેતું. એ હતી એ જમાનાની સસરાજીની આમન્યા. (વધુ આવતાં અંકે...)


ભજવેલ નાટકના લેખિકા શ્રીમતી હિરાબેન ખોના

|| જય ચક્રેશ્વરી માતા || || નમો નમ: શ્રી ભીડભંજન પાર્શ્વનાથાય નમ:|| || જય પદ્માવતી માતા||

|| નમો નમ: શ્રી મહાવીરસ્વામી નમ: || || શ્રી મહાકાળી માતા ||

શ્રી આર્ય-કલ્યાણ-ગૌતમ-ગુણ-ગુણોદય-કલાપ્રભસાગર-કવિન્દ્રસાગર-વિરભદ્રસાગર-મહોદયસાગરસૂરીભ્યો નમ:

|| રંગપુર સંઘવાત્સલ્ય પ.પૂ.સા. શ્રી દિવ્યગુણાશ્રીજી મ.સા. અને પ.પૂ.સા. શ્રી કોટીગુણાશ્રીજી મ.સા.ને વંદના ||

# સસ્નેહ નિમંત્રણ

## રંગપુર નગરે – શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જિનાલયે
## ૩૪મી ધ્વજારોહણ, ત્રિહાન્હિકા મહોત્સવ

**સંવત ૨૦૭૯ વૈશાખ સુદ ૯, ૧૦, ૧૧ને શુક્રવાર, તા.૨૮-૦૪-૨૦૨૩ થી રવિવાર તા. ૩૦-૦૪-૨૦૨૩**

મુખ્ય ધ્વજા / મુખ્ય શિખરમાં મુળનાયકની ધ્વજાના લાભાર્થી તેમજ રવિવાર, તા. ૩૦-૦૪-૨૩ના સાધર્મિક ભક્તિના પણ લાભાર્થી

## શ્રીમતી નલીનીબેન રાજેશ લાપસીયા પરિવાર (રંગપુર–મુલુંડ)

હ. આહાન, મમતા, ધવલ લાપસીયા તથા અરિષ્ઠા, અંતરીક્ષ મલ્લીકા ખીરેશ દંડ (નલીયા)

**● ત્રિહાન્હિકા મહોત્સવના કાર્યક્રમની રૂપરેખા ●**

### શુક્રવાર, તા.૨૮-૦૪-૨૩ (પ્રથમ દિવસ)
બપોરે: ૩.૦૦ ક. શ્રી પંચ કલ્યાણક પૂજા
(નકરો રૂ. ૫,૦૦૦/- દાતા આવકાર્ય)
આખા દિવસની સાધર્મિક ભક્તિ નકરો રૂ. ૧૧,૦૦૦/-
રાત્રે: ભક્તિ ભાવના

### શનિવાર, તા.૨૯-૦૪-૨૩ (દ્વિતિય દિવસ)
સવારના ૯.૩૦ ક. મહાકલ્યાણકારી અઢાર અભિષેક
(નકરો પ્રતિ ૧૮ અભિષેક રૂ. ૧,૦૦૦/-)
આખા દિવસની સાધર્મિક ભક્તિના લાભાર્થી (રૂ. ૧૧,૦૦૦/-)
**શ્રીમતી નલીની રાજેશ લાપસીયા (રંગપુર-મુલુંડ)**
રાત્રે : ભક્તિ ભાવના

### રવિવાર, તા.૩૦-૦૪-૨૩ (તૃતિય દિવસ)
સવારના ૯.૦૦ ક. સત્તર ભેદી પૂજા તેમજ શુભ મુહુર્તે ધ્વજા રોહણ પૂજા દરમ્યાન નીચે મુજબની ઉછામણી લેવામાં આવશે.
(૧) રંગમંડપની ધ્વજા (૨) પૂર્વ ચોકીયારાની ધ્વજા (૩) પશ્ચિમ ચોકીયારાની ધ્વજા (૪) ઉત્તર ચોકીયારાની ધ્વજા (૫) ગુરૂમંદિરની ધ્વજા (૬) સુર્ય દર્શન (૭) ચંદ્ર દર્શન (૮) આરતી ૧૦૮ દિવાની (૯) મંગળ દીવો વિગેરે.

આ પ્રસંગે વિધિ વિધાન માટે મુંબઈથી **શ્રીમતી લીલાબેન ગાલા** અને સંગીતકાર જામનગરના **શ્રી વિક્રમભાઈ મહેતા** અને સાથી કલાકારો પધારશે.

**આ પ્રસંગે આપ સર્વે રંગપુર ગામવાસીઓ નિયાણી બહેનો તેમજ દિકરીઓ અને આમંત્રીત મહેમાને પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવતા હર્ષ અનુભવીએ છીએ.**

આ પ્રસંગે દર વરસે ખૂબજ ઉમંગ ઉત્સાહથી ઉજવાય છે અને દેવ, ગુરૂ અને વડીલોના આશીર્વાદથી સર્વેનો તન, મન અને ધનથી સાથ-સહકાર મળી રહે છે. તે સર્વેને અભિનંદન અને અભિવંદના.

**રંગપુર ગામની ભોજનશાળા સાધર્મિક ભક્તિના ઉદાહરણ સ્વરૂપ છે અને તે માટે આપ ફોટો યોજનામાં રૂા. ૧૦,૦૦૦/- નકરાથી લાભ લઈ શકો છો. અત્યાર સુધી ૧૬૦ ફોટા આવી ગયા છે. ભોજનશાળાના કાયમી ફંડમાં રૂા. ૨૫,૦૦૦/- થી વધારે દાન આપનારના નામની તકતી લગાડવામાં આવે છે. ફુલ નહીં તો ફુલની પાંખડી સ્વરૂપે રૂા. ૧,૦૦૦/-ના કુપન પણ લઈને આપનું યોગદાન આપી શકો છો.**

અમને જણાવતા હર્ષ થાય છે કે જિનાલયનો જીર્ણોધ્ધાર, નુતનીકરણ, નૂતન ભોજનશાળા અને વધારાના અતિથિગૃહની રૂમોનું કામ ટુંક સમયમાં શરૂ થઈ જશે. આપના સૌના આશીર્વાદના અભિલાષી.

**લી. શ્રી રંગપુર કચ્છી દશા ઓશવાલ જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ વતી**
**શ્રી પંકજ કેશવજી ધરમશી (પ્રમુખ-ટ્રસ્ટી) તથા સર્વે ટ્રસ્ટીગણ અને કારોબારી સભ્યો અને સલાહકાર સમિતિના સભ્યોના જય જિનેન્દ્ર!**

UPASANA - 9820167767

# સ્વ. રાજેશભાઈ દામજી પોલડીયા

## ભાવભીની શ્રદ્ધાંજલી



આપની સદાબહાર મનોમૂર્તિને
પ્રેમના પુષ્પો ચડાવી હૃદયથી
વંદન કરીએ છીએ...

ગોએરસમા
નાશિક

જન્મ તા.
૨૨/૧/૧૯૬૦

અરિહંત શરણ
તા. ૧૦/૨/૨૦૨૩

સ્વભાવમાં સૌજન્યતા, વાણીમાં વાત્સલ્યતા, દિલમાં દિવાવરી, મનમાં માનવતા
સતકર્મોમાં સમર્પિતતા, સૌમ્યશીલ સ્વભાવ, સૌ પ્રત્યૈ આદરભાવ અને
સતકાર્યોમાં સહયોગી બનવાની ભાવના જેવા સદ્‌ગુણોના
વડીલોના વારસાને જાળવીને ગામ-શાસન-સમાજના સતકાર્યોમાં
તન-મન-ધનથી સમર્પિત રહેનારા, કુટુંબપ્રેમી, પરોપકારી,
સૌજન્યશીલ સ્વભાવ થકી બહોળો મિત્રવર્તુળ ધરવનારા અને
ક.દ.ઓ. મહારાષ્ટ્ર એકમ મલકાપૂર, નાશિક મહાજન, પારોલા સંઘ,
એવી અગ્રગણ્ય બધી સંસ્થાંઓમાં પોતાના અમુલ્ય સમય આપી સંસ્થાને માર્ગદર્શન
આપતા હતા. એમની આપેલ બહુમૂલ્ય સેવાઓ કદી વિસરી શકાશે નહી
એમના ચિર વિદાયથી સંસ્થાઓ અત્યંત દુ:ખની લાગણી અનુભવે છે.
પરિવારજનોને એમની વિદાયનું દુ:ખ સહન કરવાની પ્રભુશક્તિ આપે.
એમની આત્માને પરમ શાંતિ આપે એજ અભ્યર્થના.

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતી મહાજન સેવાભાવી સંસ્થા, નાશિક/દેવલાલી**
**શ્રી કચ્છી દશા ઓસવાલ મહારાષ્ટ્ર એકમ, મલકાપૂર**
**શ્રી પારોલા ક.દ.ઓ. શ્વેતાંબર મુર્તિપૂજક શ્રીસંઘ, પારોલા**
**ના ટ્રસ્ટી તથા કારોબારી સભ્યો**



।। શ્રી અજિતનાથાય નમઃ ।।

# શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ, દલતુંગી

પ્રિય ગામવાસીઓ,

જય જિનેન્દ્ર, પ્રણામ !

આપ સૌ ગામવાસી ભાઈ-બહેનોને નવા વર્ષ (૨૦૨૩)ની હાર્દિક શુભકામના. દલતુંગી તિર્થ દેરાસરે બિરાજમાન મુળનાયક શ્રી અજિતનાથ સ્વામી ભગવાનની **૧૨૦ મી ધ્વજા મહોત્સવ વૈશાખ સુદ ૫ ને સોમવાર તા. ૨૪–૪–૨૦૨૩** ના શુભ મુહુર્તે ઉજવવામાં આવશે. આ પ્રસંગે **અઢાર અભિષેક (નકરો રૂા. ૧૧૫૧/–) રવિવાર તા. ૨૩–૪–૨૦૨૩ ને બપોરે ૨.૦૦ કલાકે** ભણાવવામાં આવશે. માતુશ્રી સોનબાઈ જેઠાલાલ લાપસીયા પરિવાર તરફ થી (શ્રી પ્રવિણભાઈ ના જન્મદિવસની ખુશાલી નિમિત્તે) બપોરના સ્વામી વાત્સલ્ય રાખવામાં આવેલ છે. **સત્તરભેદી પુજા (નકરો રૂા. ૮૫૧/–) સોમવાર તા. ૨૪–૪–૨૦૨૩ ના સવારે ૮.૩૦ કલાકે** ભણાવવામાં આવશે. ધ્વજા મહોત્સવ નિમિત્તે દલતુંગી સંઘ તરફથી બપોરના સ્વામી વાત્સલ્ય રાખવામાં આવેલ છે.

આ શુભ પ્રસંગે વિધિકાર **શ્રી કલ્પેશભાઈ શાહ,** સંગીતકાર **શ્રી વિક્રમભાઈ મહેતા સંગીત મંડળી** સાથે પધારશે. ધ્વજાનો આદેશ સત્તરભેદી પુજા ભણાવતા સમયે આપવામાં આવશે. સૌ ગામવાસીઓએ ઉછળતા ભાવે ભાગ લેવા વિનંતી. લક્કી ડ્રો દ્વારા પાંચ ઇનામ આપવામાં આવશે.

સૌ ગામવાસી ભાઈ - બહેનો, નિયાણી બહેનો દિકરીઓ, આમંત્રિત મહેમાનો સહપરિવાર, સહકુટુંબ ને પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવીયે છીએ.

**અઢાર અભિષેક (નકરો રૂા. ૧૧૫૧/–)** તથા **સત્તરભેદી પુજા (નકરો રૂા. ૮૫૧/–)** માં ભાગ લેવા ઇચ્છતા લાભાર્થી પરિવારે વહેલા તે પહેલાના ધોરણે નામો **શ્રી પ્રવિણભાઈ લોડાયા** (મો. 98338 19689)ને લખાવવા વિનંતી.

આ પ્રસંગે દેરાસર પરિસરમાં બિરાજમાન દેવ-દેવીઓની (૬ દેરી) ધ્વજા પણ ચડાવવામાં આવશે. દેવ-દેવીઓ પધરાવનાર લાભાર્થી પરિવાર ધ્વજા ચડાવવાનો લાભ લઈ શકશે.

**ચાલો સૌ ગામવાસીઓ દલતુંગી દેરાસરના ધ્વજા મહોત્સવમાં હાજર રહી આ પ્રસંગને ખૂબ ઉત્સાહપૂર્વક માણીએ.**

**લી. શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ વતી સર્વે ટ્રસ્ટીગણના જય જિનેન્દ્ર !**

।। શ્રી અજિતનાથાય નમઃ ।।

## શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ, દલતુંગી

મુંબઈ કાર્યાલય : C/o. ૨૦૮, ભાવેશ્વર કૉમ્પલેક્ષ,
રેલ્વે સ્ટેશન પાસે,વિદ્યાવિહાર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬.

## પુજારી જોઈએ છે.

દલતુંગી (હાલાર - જામનગર) દેરાસર માટે અનુભવી પુજારી જોઈએ છે. રહેવાની તથા જમવાની વ્યવસ્થા સંઘ દ્વારા કરી આપવામાં આવશે.

પગાર યોગ્યતા મુજબ આપવામાં આવશે. ફેમીલી હોય તો રહેવાની તથા જમવાની વ્યવસ્થા સંઘ દ્વારા કરવામાં આવશે.

ઇચ્છુક ઉમેદવારને જોઈતા પગાર સાથે અરજી ઉપરના એડ્રેસ ઉપર મોકલી આપવા વિનંતી.

સંપર્ક :

**પ્રવિણભાઈ લાપસીયા**

**98210 92767**


**તમારી જુની સાચી જરી સારા ભાવે વેચવા અમારું ભાવભર્યું આમંત્રણ**

● તમારી જુની સાચી જરીની સાડી ● જુના સાચી જરીનાં ચણીયા–ચોળી ● સાચી જરીના ઘરચોળા ● સાચી જરીની બોર્ડર તથા બ્લાઉઝ ● સાચી જરીના સેલા ● સાચી જરીની બટકસબની સાડી, ચણીયા–ચોળી, બોર્ડર ● સાચી જરીની આરીવર્કની સાડી તથા ચણીયા ચોળી.

**Best value of your old Items**

**બીજે ક્યાંય જતાં પહેલા એકવાર અવશ્ય મુલાકાત લો.**

**રોકડા પૈસા આપવામાં આવશે.**

**: ખાસ નોંધ :**

ઘર બેઠા તમારી જુની સાચી જરીનાં પૈસા મેળવો. તમારા ઘરે આવીને તમારી જુની Item ની Value પ્રમાણે પૈસા આપીશું.

**(ફક્ત એક ફોન કરો, અમે તમારી સેવા માટે હાજર રહીશું.)**

# Mahavir Sarees

મોદી ચાલ, શોપ નં.૨, સીઝન્સ શો રૂમની સામે,
સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).
મો.: ૯૬૧૯૫ ૫૪૮૦૧ / ૯૧૩૭૧ ૪૬૨૭૨

**SUNDAY CLOSED**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### વીએલવીજી વાર્ષિક દિન

તાજેતરમાં વીરજી લધાભાઈ કેડીઓ જૈન વિદ્યાર્થીગૃહ ઘાટકોપરના વિદ્યાર્થીઓએ વાર્ષિક દિન નિમીત્તે યુવારંગ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. સીએ નીલેશ શિવજી વિકમશીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

### લોનાવલા જિનાલયમાં ૧૮ અભિષેક

લોનાવલા સ્થિત શાંતિનાથ જીનાલયની ૧૨૫ વર્ષની જયંતિ નિમીત્તે પાર્શ્વનાથ ભગવાન તથા ગૌતમ સ્વામીનો ૧૮ અભિષેક પૂજન થયેલું.

### ડોંબિવલી ક.દ.ઓ. મંડળ

કદઓ મંડળ-ડોંબિવલી દ્વારા બસ વ્યવસ્થા મારફત માનસમંદિર શાહપુરની તા. ૫.૩.૨૩ના શ્રી શત્રુંજય મહાતીર્થ છ ગાઉ ભાવયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

### કેકેસી બજેટ વેબીનાર

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ કેકેસી એન્ડ એસોસિએટ્સ એલએલપીના સીનીયર પાર્ટનર કમલેશભાઈ વિકમશી, ધારિણી શાહ (પાર્ટનર) અને રાજ ખોના (એસોસિએટ ડિરેક્ટર)એ યુનિયન (કેન્દ્ર)ના બજેટ વિશ્લેષણ અંગે વેબીનારનું તા. ૩ ફેબ્રુઆરીના રોજ પ્રસારણ કર્યું હતું.

### અચલગચ્છ વિધિ પક્ષની નવી કારોબારી

તાજેતરમાં અચલગચ્છ શ્વેતાંબર જૈન સંઘની બેઠકમાં નવી કારોબારીની રચના કરવામાં આવી હતી. પ્રમુખ પદે ભાવેશભાઈ હિંમતલાલ વોરા, વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી ચીમનભાઈ મેઘજી મોતા, દ્વિતીય ઉપપ્રમુખ હેમચંદભાઈ ગડા, માનદ્‌મંત્રી પદે પ્રવીણભાઈ ટોકરશી લોડાયા, જતીનભાઈ મોરારજી છેડા, પ્રકાશચંદજી સિંગી, જયંતભાઈ મહેતા કારોબારીમાં નીમાયા હતા.

### મસ્જીદ બંદર પર ડોક્યુમેન્ટ્રી

રાજેશભાઈ અખરોટવાળાની દીકરી જાહ્નવી અને ટીમ દ્વારા એક સમયના આપણા મુંબઈના નવ સેન્ટર પર ડોક્યુમેન્ટરી બનાવવામાં આવી છે. બે ભાગમાં બનેલી આ ડોક્યુમેન્ટરી અવશ્ય જોવી જોઈએ. એ આપણને જૂની યાદોમાં ડુબકી લગાવડાવશે.

### કેડીઓ સીએ એસોસિએશન

કેડીઓ સીએ એસોસિએશન દ્વારા દર વરસની પરંપરાને જાળવી રાખતા કેન્દ્ર સરકારના બજેટ પર ચર્ચાનું પાંચ ફેબ્રુઆરીએ આયોજન થયું હતું. વર્ષ ૨૦૨૩ના કેન્દ્રના બજેટનું વિશ્લેષણ સીએ કમલેશભાઈ વિકમશી, સીએ રાજીવ લુઠિયા સીએ અંજુલ મહેતા અને સીએ નિલેશભાઈ શાહે કર્યું હતું, આઈઆઈટી મુંબઈના પ્રો. ડૉ. કિરણભાઈ મોમાયા મુખ્ય મહેમાન તરીકે આમંત્રિત હતા.

### ટોપટેન ટી.ઓ.માં અજયભાઈ મુનવર



જખૌના જોગેશ્વરી નિવાસી અજય કાનજી નરશી શાહ (મુનવર) દેશના ટોપ ટેન ટેક્નોલોજી ઓફિસરની યાદીમાં પસંદ કરાયા છે. અજયભાઈ એક્સિસ બેન્કની સંપૂર્ણ માલિકીની સબસીડીયરી એકસ્સિ ફાઈનાન્સ લિ. માં ચીફ ટેક્નોલોજી ઓફિસરના હોદ્દા પર ફરજ બજાવે છે.

### તેરા તીર્થે ગચ્છાધિપતિશ્રી પધારતા શ્રી સંઘ દ્વારા સામૈયુ

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. પોતાના શિષ્ય પરિવાર (આદિઠાણા-૫) સાથે તા. ૧૧.૨.૨૦૨૩ના તેરા તીર્થે પધારેલ હતા. તેઓશ્રીનું ઢોલનાં તાલે તેમજ શણગારેલ બેડા તથા ગુહુલીઓ સાથે શ્રી સંઘની હાજરીમાં શાનદાર સ્વાગત સામૈયું કરવામાં આવેલ હતું. ગામનાં મુખ્ય માર્ગો ઉપરથી પસાર થઈ પુજ્યશ્રી દેરાસરજીમાં આવી પહોંચતા દર્શન વંદન, ચૈત્યવંદન વિધી શ્રી સંઘ સાથે કરી ઉપાશ્રય મધ્યે માંગલિક પ્રવચન ફરમાવેલ હતું.

પૂ.શ્રીના આગમન પ્રસંગે શોભામાં વધારો કરવા નેત્રા ભુજ-અંજાર-આદીપુર-અંતરજાળ-ગાંધીધામ-મુંબઈથી ગામવાસીઓ પધારેલ હતા. પૂ.મ.સા.નાં તેરા તીર્થ આગમન પ્રસંગે ટ્રસ્ટનાં ટ્રસ્ટી શ્રી નરેન્દ્રભાઈ દંડ તથા શ્રી કુમારભાઈ દંડ ખાસ હાજર રહેલ હતા.

### કે.ડી.ઓ. ક્લાસિક મુંબઈ

કે.ડી.ઓ. ક્લાસિક મુંબઈ સંસ્થાને ૨૫ વર્ષ પૂરા થતા

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

સંસ્થાનની સિલ્વર જ્યુબિલીની કચ્છમાં ઉજવણી કરવામાં આવેલ. ભુજનાં ટાઉન હોલ મધ્યે કચ્છ યુવક સંઘ પ્રેરિત, પ્રેરણારૂપ નાટક 'મન મેલે ત અખીયું ખેલેં', ૮૦૦ થી ૯૦૦ સમાજવાસીઓએ નિહાળ્યું અને કલાકારોની નાટ્યકલાને બિરદાવી હતી. સંસ્થાનાં સહ સ્થાપક શ્રી મણીકાંત હીરજી ધુલ્લાએ પ્રસંગ પરિચય આપ્યો હતો. પીનાકીનભાઈ છેડા, તેજસ લાલકા, અશોકભાઈ મોતા, ચેતનભાઈ પોલડીયા, જયશ્રીબેન જૈન, કાશ્મીરાબેન લુઠીયા, મીનાબેન નાગડાએ ઉપસ્થિત રહી સમાજઓવાસીઓને ઉપયોગી માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું.

કે.ડી.ઓ. ક્લાસિક મુંબઈ દ્વારા કચ્છનાં કાર્યકર ભાઈ–બહેનોનું બહુમાન કરવામાં આવેલ. ગાંધીધામ, ભુજ મહાજનો દ્વારા કેડીઓ ક્લાસિક પદાધિકારીઓનું સન્માન કરી પ્રવૃત્તિઓને બિરદાવવામાં આવેલ. ક.દ.ઓ. જૈન કચ્છ એકમ સંસ્થાનાં પ્રમુખ મહેશભાઈ લાલકા, ગાંધીધામ ક.દ.ઓ. મહાજન પ્રમુખ લહેરચંદભાઈ ખોના, ભદ્રેશ્વર તીર્થ ભોજનશાળા ટ્રસ્ટી શ્રી જવેરચંદભાઈ ખોના, ભુજ ક.દ.ઓ. મહાજન પ્રમુખ પ્રબોધ મુનવર તથા કચ્છના કેડીઓ ગામો ગામનાં કાર્યકરો અને ભાઈ–બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.


❖ મહાવીર–માટુંગા ❖ મહાવીર–માટુંગા ❖ મહાવીર–માટુંગા ❖ મહાવીર–માટુંગા ❖

**કે.ડી.ઓ. સમાજનું એમ્બ્રો. માટે જુનું અને જાણીતું નામ**
**શ્રી મહાવીર-માટુંગા**

- સાચી જરીની ૬૦ વરસથી વધારે જુની આઈટમનાં રનીંગ ભાવથી વધારે ભાવથી લઈશું.
- સાચા-ઘરચોળા-કસબની બોર્ડર
- જીક-કસબ-ટીલીની સાચી જરીની સાડીઓ
- ચણીયા ચોલી
- સાચા ટીસ્યુ બનારસી સેલા વજનથી
- સાચા અસલી-કોટ-ટોપી-બ્લાઉઝ Ex. ભાવથી
- ડાયરેક્ટ કારીગર - તરત જ ફાઈનલ
- જુના ગારા-X સ્ટીચ X કચ્છી ભરત જુના ચણીયા લઈશું.

**પારસી હાથ અને મશીન તૈયાર સાડીઓ કુર્તા, ચણીયા ચોલી-દુપટ્ટા તૈયાર તેમજ ઓર્ડરથી બટકસબ મશીનની સાડીઓ**

**શ્રી મહાવીર એમ્બ્રોયડરી**
**રાજ નિકેતન બિલ્ડીંગ HDFC ની બાજુમાં, ફુલ ગલીની સામે, માટુંગા સે.રે. ટે.: ૨૪૦૨૫૦૭૦ ૮૬૫૨૨ ૩૯૫૩૭/૯૮૩૩૯૧૬૫૧૦**

**સોમવારે બંધ**

❖ મહાવીર–માટુંગા ❖ મહાવીર–માટુંગા ❖ મહાવીર–માટુંગા ❖ મહાવીર–માટુંગા ❖


## હાર્દિક અભિનંદન

ડૉ. જ્યોતિકા ધિરેન છેડા (Ph.D.) સુજાપુર–ડોંબિવલી.
(સ્વ. શરદ કાનજી લોડાયા–નાનીખાવડી (કોઈમ્બતુર)ના સુપુત્રી)



ડૉ. જ્યોતિકાએ શ્રી જગદીશપ્રસાદ જાબરમલ ડિબરેવાલા યુનિવર્સિટી–જુનજુન, રાજસ્થાનમાંથી Designing a hybrid encryption algoritum for image security. વિષય ઉપર થીસસ લખી Ph.D. ની ડીગ્રી પ્રાપ્ત કરી છે.

## બાગલકોટ માં ત્રિહાન્હિકા મહોત્સવ

શ્રી વિમલનાથ બાગલકોટ જૈન સંઘ અને બાગલકોટમાં વિમલનાથ દાદાની શીતલ છાયામાં ત્રણ દિવસ ત્રિહાન્હિકા મહોત્સવ તા. ૩૦.૧૨.૨૨થી ૧.૧.૨૩ ઉજવામાં આવ્યો હતો . ૧૮ અભિષેક , મહાકાલી ભાવના , ભક્તામર પૂજન, બહુમાન પ્રોગ્રામ, ગૌશાળા માં દાન , દાંડિયા રાસ ,સિદ્ધચક્ર પૂજન, સ્વામી વાત્સલ્ય જેવા વિવિધ આયોજનો કરવામાં આવ્યા હતા.

## મહારાષ્ટ્રના નવનિયુક્ત રાજ્યપાલ મા. શ્રી. રમેશજી બૈસ



મહારાષ્ટ્રના નવનિયુક્ત રાજ્યપાલ મા. શ્રી. રમેશજી બૈસના મુંબઈ ખાતે રાજભવનમાં શપથવિધી સમારંભમાં શ્રી પ્રવિણભાઈ માણેકજી મૈશેરી–નાની સિંધોડી(રાયપુર) સહપરિવાર ઉપસ્થિત હતા

---



મહારાષ્ટ્રના નવનિયુક્ત રાજ્યપાલ મા. શ્રી. રમેશજી બૈસના મુંબઈ ખાતે રાજભવનમાં શપથવિધી સમારંભમાં શ્રી ચંદ્રેશભાઈ વીરચંદ છેડા (મેનેજીંગ ટ્રસ્ટી–કેડીઓ સમસ્ત મહાજન)–રાયપુર ઉપસ્થિત હતા.


દેવલાલી
બે બેડરૂમના ફ્લેટો સૌભાગ્ય નગર, અનંત આરોગ્યનીધીની બાજુમાં, અંડર કન્સ્ટ્રક્શન, ગુજરાતી જૈન પ્રતિષ્ઠિત બીલ્ડર
**બુકીંગ માટે : પરેશ રાયચંદ શામજી ધરમશી**
મહારેરા રજીસ્ટર બ્રોકર :
**99308 03959 / 99301 06054**

## વતનના વર્તમાન
સંકલન : કેસરસિંહ ખોના

### સુજાપુર અજીતનાથ જિનાલય ધ્વજારોહણ
સુજાપર ગામે સ્થાપિત અજીતનાથ સ્વામી જિનાલયનો ૧૪૧મો ધ્વજારોહણ મહોત્સવ મુનીરાજ પ.પૂ.મુક્તિરત્નસાગરજી મ.સા.ની નિશ્રામાં ઉજવાયો હતો.

### કોઠારા તીર્થે ધ્વજા મહોત્સવ
પ.પૂ. મુનીરાજ શ્રી હિતવર્ધન મ.સા. અને પ.પૂ. સાધ્વીશ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા.ની પાવનનિશ્રામાં કોઠારા તીર્થે મૂળનાયક શાંતિનાથદાદાના ૧૨૬મો ધ્વજારોહણ મહોત્સવ ઉજવાયો.

### રાણપૂર તીર્થે ૧૩૦મો ધ્વજારોહણ મહોત્સવ
મહાવીર સ્વામી વિરાજીત રાણપૂર તીર્થના ૧૩૦મો ધ્વજારોહણ સમારોહ ઉત્સાહભેર ઉજવાયો હતો.

### અંજાર એપીએમસી ચૂંટણી
વિધાનસભાની ચૂંટણીના કારણે મોકૂફ રખાયેલી એપીએમસી ચૂંટણીઓનો કાર્યક્રમ જાહેર થયો છે તે મુજબ અંજાર એપીએમસી ચૂંટણી ૪ માર્ચના રોજ યોજાવાની છે.

### કોઈન્સ અને બેન્કનોટ સંગ્રાહક સુનીલ ખોના
મોટી ખાવડીના સુરતવાસી કેમીકલ વ્યાપારી સુનીલ પ્રભુલાલ ખોના આપણી જ્ઞાતિના જાણીતા વોટ્સએપ ગ્રુપના સિક્કા અને ચલણી નોટોના સંગ્રહકર્તા છે. હાલમાં જ સુનીલભાઈ ખોનાએ ગુજરાત કોઈન સોસાયટી-અમદાવાદ ખાતે કોઈનેક્સ-૨૦૨૩ પ્રદર્શનીમાં ભાગ લઈ ટ્રેઝરી એન્ડ સાઈકલ ટોકન્સ એક્ઝીબીશનમાં પુરસ્કાર મેળવ્યા હતા.

### ભુસાવલ ડીઆરયુ સીસીમાં વિમલ દંડ
મધ્ય રેલવેની ભુસાવલ ડિવીઝનની રેલવે યુઝર્સ કન્સલટેટીવ કમિટીમાં ગામ બારોઈના અકોલાવાસી વિમલ જ્યોતિન્દ્ર જૈન (દંડ)ની નિમણુંક થઈ છે. વધુમાં વિમલભાઈ દિવ્ય હિન્દીના સંપાદક છે.

### વડતાલ સ્વામીનારાયણ વિરાટ મ્યુઝિયમ
સ્વામીનારાયણ સંપ્રદાયના વડતાલ ગાદી દ્વારા વિશ્વનું સહુથી મોટું સ્વામીનારાયણ સંગ્રહાલય (મ્યુઝિયમ) બનાવવાની યોજના હાથ ધરાઈ છે. પાંચ વિઘા વિસ્તારમાં લગભગ રૂા. ૩૦૦ કરોડના ખર્ચે તૈયાર થનારા આ મ્યુઝિયમમાં ભગવાન સ્વામીનારાયણ સાથે સંકળાયેલી પાંચ હજાર જેટલી વસ્તુઓ પ્રદર્શિત કરાશે.

### ભુજ ખારી નદી સ્મશાન
ભુજનું ખારી નદી સ્થિત સ્મશાન નદીના પટમાંથી દૂર કરાશે. એના સ્થાને નદીકાંઠે લગભગ રૂા. ૫૦ લાખના ખર્ચે નવું લાકડા તથા ગેસ પર આધારિત સ્મશાનનું નિર્માણ કરાશે અહીં બેસવાની તથા અન્ય જરૂરી સગવડોનું પણ નિર્માણ કરવાનું આયોજન છે.

### જી-૨૦ના મહેમાનોની કચ્છની આવભગત
કચ્છના સફેદ રણના સાનિધ્યમાં આયોજિત જી-૨૦ સમિટના અભ્યાગતોનું સર્વપ્રથમ તો ભુજ એરપોર્ટ કચ્છની પરંપરામાં સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ટેન્ટસિટી ધોરડો ખાતે ડિનર અને ગીત નૃત્યના માધ્યમથી કચ્છની કલા અને સંસ્કૃતિ પ્રસ્તુત કરાઈ હતી. વિભિન્ન દેશોમાંથી લગભગ ૧૦૦ જેટલા પ્રતિનિધીઓ આ આયોજનમાં હાજર રહ્યા હતા.

### હિલેરી ક્લિંટન અગરિયાઓની મુલાકાતે
ગુજરાત આવેલા અમેરિકાના પૂર્વ પ્રમુખ ક્લિંટનના પત્ની શ્રીમતી હિલેરી ક્લિંટન ધ્રાંગધ્રા પાસે કૂડાના અગરિયા પાટીયા પાસે અગરિયાઓની મુલાકાત લીધી હતી. ૪૦ ડિગ્રી જેવા તપતા તાપમાં મીઠું પકવતા અગરિયા મહિલાઓને હાથ જોડી બિરદાવ્યા હતા અને ક્લાઈમેટ ચેઈન્જ અને મહિલા વિકાસના હેતુઓ માટેની પૂર્તિ અર્થે તેમણે ક્લિંટન ફાઉન્ડેશન તરફથી ૫૦ મિલીયન ડોલરની ફાળવણી જાહેર કરી હતી.

### સ્મૃતિવન-ભુજ
વર્ષ ૨૦૦૧ના ગણતંત્રદિને આવેલા ગોઝારા ધરતીકંપે કચ્છના જનધનનો સોથ વાળી દીધો હતો. એ હોનારાતમાં હજારો લોકો પરલોકવાસી થઈ ગયા હતા. એમની યાદમાં ભુજના રખેવાળ ભૂજિયા ડુંગર પર સ્મૃતિવનની રચના થઈ જેનું લોકાર્પણ માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૮ ઓગસ્ટ ૨૦૨૨ના દિને કર્યું. ત્યારથી અત્યાર સુધીમાં

**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**
પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે. તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.
સાચી જરીની સાડીઓ વેચી આપવામાં આવશે. અમારી બીજી કોઈ શાખા નથી
**સોનલ આર્ટ** Mob.: 99678 41792
'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : મોતીચંદ લાલજી ખોના - નલિયા (મુલુંડ)

સ્મૃતિવનની લગભગ ત્રણ લાખ લોકોએ મુલાકાત લીધી છે. લગભગ બે લાખ જેટલા લોકોએ ધરતીકંપ મ્યુઝિયમની પણ મુલાકાત લીધી છે.

### ડુંગળીનું વાવેતર વધ્યુ

ગુજરાતમાં આ વરસે રવીપાકની ડુંગળીનું વાવેતર ૯ ટકા વધ્યું છે. ગત વર્ષે ૮૮૦૦૦ હેક્ટર જેવા રેકર્ડ વિસ્તારમાં વાવેતર નોંધાયું હતું. ગોંડલથી ૯૦૦ ટન ડુંગળી બાંગ્લાદેશમાં નિકાસ કરાઈ છે. મબલખ પાક અને જોરદાર આવકના પગલે રાજકોટ માર્કેટયાર્ડમાં ડુંગળીના ભાવ મણ દીઠ રૂા. ૭૫ થી રૂા. ૨૫૦ના ભાવ બોલાય છે. રાજકોટ મંડીમાં રોજની ૪૦૦ થી ૫૦૦ ટન ડુંગળીની આવક થઈ રહી છે. અન્ય માર્કેટયાર્ડોમાં પણ આવક થઈ રહી છે.

### પહેલીજ વાર ટેકાના ભાવે બાજરી ખરીદી

જાડા ધાન્ય અર્થાત મુખ્યત્વે બાજરી/મિલેટ્સ વર્ગના ધાન્યોનું ૨૦૨૩નું વર્ષ જાહેર થવાની સાથે વિશ્વમાં આ અનાજોના સૌથી મોટા ઉત્પાદક ભારતને એ વરસ ઉજવવાની જવાબદારી સોંપવામાં આવી. સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા વર્ષ ૨૦૨૩ને ઈયર ઓફ મિલેટ્સ જાહેર કરાયું છે ત્યારે ગુજરાત એ અનાજોનું ઉત્પાદન વધે એના પ્રયાસરૂપે પોતાનો ફાળો નોંધાવી રહ્યું છે.

સ્મરણ રહે મિલેટ્સ કે બાજરી વર્ગના અનાજોમાં બાજરી, જુવાર, કુટકી, રાગી, નાચણી અને રાજગીરા સહિત ૧૦થી વધુ જાતોનો સમાવેશ થાય છે. આ અનાજોનું સેવન ડાયાબીટીઝ જેવી લાઈફસ્ટાઈલ માંદગીઓમાં રાહત આપે છે. એ સિવાય આ અનાજો વિટામીન, મિનરલ્સ અને અન્ય પોષક તત્ત્વોના મહત્ત્વના સ્રોત છે.

### શીત લહેર ૧.૩૦ લાખ હેક્ટરમાં પાક

છેલ્લા કેટલાક સમયથી શીત લહેરના પ્રકોપે લોકોને ત્રાહીમામ પોકરાવી દીધા પણ એનું સાટું કચ્છમાં ૧.૩૦ હેક્ટરમાં લેવાયેલા શિયાળુ પાક પર પડેલી એની અસરે વાળી દીધું છે. શિયાળુ પાકમાં કચ્છના એડવાન્સ થઈ રહેલા ખેડૂતોએ ઘઉં, ચણા, જીરૂં, ધાણા, ઈસબગુલ, વરિયાળી, રાઈ, લસણ, ડુંગળી, બટેટા, અજમો, ડાંગર, શાકભાજી વગેરેના વિવિધ  પાક લેવાયા છે.


Exclusive Embroidery & Upto date Finishing

ગોલ્ડ જ્યોતિ *Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ–૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 83692 52836 **Sunday Closed**
Originally at Zaveri Bazar since 1976 Follow us on





।। જય જય શ્રી અંબાઈ માં ।।

## શ્રી ક.દ.ઓ.મોતા પરિવાર અંબામાં ટ્રસ્ટ, તેરા

(ટ્રસ્ટ રજી. નં. એ. ૧૮૨૭/કચ્છ)

અંબામા મંદિર, પટેલ ફળિયો, તેરા (તા. અબડાસા, કચ્છ) - ૩૭૦૬૬૦



મુંબઈ ઓફીસ : C/o. તન મન ટ્રાવેલ્સ, બી-૧૦૩, શ્રી સિદ્ધિ પ્લાઝા, ઓમ જ્વેલર્સની પાછળ, રામ રતન ત્રિવેદી રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૮૦.

## શ્રી ક.દ.ઓ.મોતા પરિવાર ના ભાવિકો જોગ

આપણા કુળદેવી મા અંબાઈમાની સમૂહ પહેડી હંમેશ મુજબ **ગુડીપડવા**ના શુભ દિવસે **બુધવાર, તા. ૨૨-૦૩-૨૦૨૩** ના સવારના ૯:૦૦ કલાકે જૈનમ હોલ, ભોંચતળીયે, LBS માર્ગ, ભાંડુપ (વેસ્ટ) ખાતે યોજાશે.

આ વર્ષે સમૂહ પહેડી આપણા સૌના આર્થિક સહયોગથી યોજવાની હોઈ, આપનો ફાળો ઉદારતાથી નોંધાવવા વિનંતી છે. સ્થંભ દાતા  રૂા. ૨૧,૦૦૦.૦૦ ના નામ નોંધવાનું ચાલુ છે. ઈચ્છુકોએ શ્રી રમેશ મોતાનો મો. નં. ૯૮૧૯૬ ૫૫૨૫૯ પર સંપર્ક કરવો.

સૌ ભાવિકોને સમયસર પધારી કુળદેવી માં અંબાઈમાની આરાધના / અર્ચનામાં જોડાવા વિનંતી છે.

સરસ્વતી સન્માન માટે વર્ષ ૨૦૨૧-૨૨ ના શૈક્ષણિક વર્ષમાં SSC તથા HSC (પ્રથમ બે) એવં ગ્રેજ્યુએટ / ડીપ્લોમા કે તેની સમકક્ષ કે આગળની પરીક્ષા પસાર કરેલ મોતા પરિવારના યુવાઓએ શુક્રવાર, તા. ૧૦-૦૩-૨૦૨૩ સુધી પોતાના માર્ક શીટની નકલ ઈમેલ leenainvestment92@gmail.com કે વ્હોટસ એપ થી  શ્રી રમેશ  મોતા ને ઉપર જણાવેલ મો. નં ઉપર અથવા કુરીયર દ્વારા સંસ્થાના ઉપર જણાવેલ સરનામે મોકલી આપવા વિનંતી છે.


માતાજીની પહેડીમાં કાળા કપડા પહેરવા નહીં
અને પહેડી અનુરૂપ યોગ્ય વસ્ત્ર પરિધાન કરવા.

લી.
ક.દ.ઓ. મોતા પરિવાર અંબામા ટ્રસ્ટ, તેરા
ટ્રસ્ટીઓ

**જીવન ચક્ર**

# જન્મ - સગપણ - લગ્ન - મરણ નોંધ

સંપાદક : **રમેશ પદમશી દંડ (શાહ)** – ભરૂડિયા
મો. : **98197 93610 / E-mail : rpshah41@yahoo.com**



## જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪.૦૧.૨૦૨૩ | ડોંબિવલી | સાક્ષી, ખુશ્બુ હિરેન નવિનચંદ્ર વિકમશી | વારાપધર | પુત્રી |
| ૦૬.૦૨.૨૦૨૩ | ભાંડુપ | અરાવત, પ્રિયા મુકુંદ નાગડા | રાપર ગઢવારી | પુત્ર |
| ૧૬.૧૨.૨૦૨૩ | અમદાવાદ | મિશ્કા, ખુશ્બુ મૌલિક પંકજ મોતા | સુથરી } જોડીયા | પુત્રી |
| | અમદાવાદ | ટ્વિશા, ખુશ્બુ મૌલિક પંકજ મોતા | સુથરી } જોડીયા | પુત્રી |

## જ્ઞાતિ સગપણ નોંધ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨.૦૧.૨૦૨૩ | રાપર | જિતેન પ્રતાપ આણંદજી મોતા | આદીપુર | ૨૬ |
| | આંતરજાળ | ખુશ્બુ બ્રિજેશ રાયચંદ ખોના | સાંધવ | ૨૪ |
| ૦૫.૦૨.૨૦૨૩ | અમદાવાદ | નિશ્ચય હરીશ રામજી ખોના | વારાપધર | ૨૭ |
| | ડોંબિવલી | ફોરમ રમેશ ઠાકરશી લાલકા | બાયઠ | ૨૩ |
| ૦૯.૦૨.૨૦૨૩ | ધુલિયા | સિદ્ધાર્થ વસંત ઠાકરશી ગોસર | ગોએરસમા | ૩૧ |
| | ધુલિયા | પાયલ હેમેન ધનજી લોડાયા | જખૌ | ૨૫ |

## આંતરજ્ઞાતિ સગપણ નોંધ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭.૦૨.૨૦૨૩ | થાણે | વિકાસ વિજય બાબુલાલ સેવક | સાગવાડા | ૨૯ |
| | થાણે | માનસી દિલીપ દામજી લોડાયા | નાની ખાવડી | ૨૬ |
| ૧૧.૦૨.૨૦૨૩ | ડોંબિવલી | જય પંકજ રાયચંદ નાગડા | નલિયા | ૩૨ |
| | જોગેશ્વરી | સુપ્રિયા નાગેન્દ્ર સિંઘ | જોગેશ્વરી | ૨૮ |
| ૧૩.૦૨.૨૦૨૩ | કલ્યાણ | નીશીત વિપુલભાઈ બાબુભાઈ શાહ | વિછીયા | ૩૦ |
| | ડોંબિવલી | પલ્લવી ચંદ્રકાંત ત્રિકમજી શાહ (લોડાયા) | દલતુંગી | ૨૭ |

## જ્ઞાતિ લગ્ન નોંધ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭.૦૧.૨૦૨૩ | નાહુર | સૌરભ સિદ્ધાર્થ મોતા | સુથરી | ૨૪ |
| | મુલુંડ | ભૈરવી સંજય ચીમનલાલ નાગડા | નલિયા | ૨૩ |
| ૦૯.૦૨.૨૦૨૩ | હુબલી | અક્ષય લક્ષ્મીચંદ માણેકજી મોમાયા | સાંયરા | ૨૭ |
| | યવતમાલ | એકતા ઉદય કેશવજી ધરમશી | નલિયા | ૨૬ |
| ૧૪.૦૨.૨૦૨૩ | હુબલી | હિતેશ મુલચંદ પ્રેમચંદ ખોના | મોટી ખાવડી | ૩૪ |
| | વાપી | વિજલ લલીત રતનશી મૈશેરી(શાહ) | નલિયા | ૩૩ |

## આંતરજ્ઞાતિ લગ્ન નોંધ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧.૦૧.૨૦૨૩ | વારાણસી | અતુલસિંઘ સુરેન્દ્ર પ્રતાપસિંઘ | વારાણસી | ૨૮ |
| | કોપલ | કોમલ નરેશ નાગડા | નલિયા | ૨૭ |
| ૦૮.૧૨.૨૦૨૨ | ભાંડુપ | ઉમંગકુમાર હુકુમચંદ લક્ષ્મીચંદ છેડા | સુજાપુર | ૨૯ |
| | કલ્યાણ | રસિકા રવીન્દ્ર મારૂતિ જરાંડે | નાન્હાદેવી | ૧૯ |

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા – રવા (ચેમ્બુર)**

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨.૦૨.૨૦૨૩ | ડોંબિવલી | લતાબેન હિરાચંદ છેડા | વારાપધર | ૬૩ |
| ૦૩.૦૨.૨૦૨૩ | ડોંબિવલી | નેણબાઈ ભવાનજી વોરા | રંગપુર | ૮૮ |
| ૦૫.૦૨.૨૦૨૩ | મુલુંડ | વિજયાબેન રમેશ સાયલા | તેરા | ૬૯ |
| ૦૫.૦૨.૨૦૨૩ | ગોરેગામ | વિશાખા કીર્તિકુમાર મોમાયા | વરાડીયા | ૬૮ |
| ૦૫.૦૨.૨૦૨૩ | માલેગામ | તારાચંદ વેરશી શિઆલ | જખૌ | ૭૦ |
| ૦૫.૦૨.૨૦૨૩ | મુલુંડ | વિજયાબેન રમેશ સાયલા | તેરા | ૬૯ |
| ૦૬.૦૨.૨૦૨૩ | વાપી | કલ્પનાબેન મહેન્દ્ર મેપાણી (નાગડા) | પરજાઉ | ૬૬ |
| ૦૭.૦૨.૨૦૨૩ | મુલુંડ | પ્રિયા(પૂજા) ધવલ શાહ | કુંભણવાડા | ૩૬ |
| | | પ્રેમિલાબેન નવીન ખીમજી નાગડા(તેરા)ની પુત્રી | | |
| ૦૮.૦૨.૨૦૨૩ | થાણા | રાજેશ પ્રાણલાલ સંઘવી | -- | ૬૦ |
| | | રંજનબેન મુલચંદ લોડાયા(મોટીખાવડી)ના જમાઈ | | |
| ૦૯.૦૨.૨૦૨૩ | વાપી | ગીતા કુમુદ શાહ | -- | ૫૮ |
| | | ચંપાબેન કાંતિલાલ લોડાયા(કોઠારા)ની પુત્રી | | |
| ૦૯.૦૨.૨૦૨૩ | ડોંબિવલી | રમેશ જેતશી ધુલ્લા | તેરા | ૭૮ |
| ૧૦.૦૨.૨૦૨૩ | નાસિક | રાજેશ દામજી પોલડીયા | ગોએરસમા | ૬૩ |
| ૧૦.૦૨.૨૦૨૩ | ખંડવા | નીરજ નવીનચંદ નાગડા | લાલા | ૫૩ |
| ૧૧.૦૨.૨૦૨૩ | હૈદ્રાબાદ | કાંતિલાલ કેશવજી ધુલ્લા | દલતુંગી | ૬૪ |
| ૧૩.૦૨.૨૦૨૩ | અંધેરી | લક્ષ્મીબેન રતીલાલ લાલકા | લાલા | ૮૧ |
| ૧૪.૦૨.૨૦૨૩ | મસ્જીદ બંદર | તારાબાઈ હિરજી લોડાયા | કોઠારા | ૭૯ |
| ૧૫.૦૨.૨૦૨૩ | ડોંબિવલી | કિરીટ કેશવજી લોડાયા | વારાપધર | ૬૨ |
| ૧૫.૦૨.૨૦૨૩ | વડાલા | હિરાચંદ વશનજી સાંયા | સુજાપુર | ૭૭ |
| ૧૫.૦૨.૨૦૨૩ | સાંગલી | વિનોદ ચાંપશી લોડાયા | ખાવડી નાની | ૭૪ |

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**Shri Girish Dhanji Dharamshi (PS-1937)**
1st Floor, 101, Ajit Apartment,
Sambhav CHS LTD., Sarvodaya Nagar,
J.N. Road, Near Jain Mandir,
Mulund (West), MH - 400 080.
M. : 92242 21787.

**Shri Uttam Bhavanji Lodaya (PS-5464)**
#23 Chhogji Enclave, Gr. Floor,
Flat No 002, Jain Temple Road,
V.V. Puram, Bangalore, KR - 560 004.
M. : 70194 14866.

**Shri Kirit Ratanshi Nagda (PS-63)**
1401, Iris CHS Ltd., Everest Countryside,
off Ghodbunder Road, Kasarvadavli,
Thane (West), MH - 400 615.
M.: 93241 79963.

**Shri Vinod Devji Shah(Maisheri) (PS-7440)**
No. 499, 1st Main Road, CQAL Layout,
Off Kodigehalli Main Road, Sahakar Nagar,
Opp. Sahakar Nagar Indoor Stadium,
Bangalore, KR - 560 092.
M.: 93412 51082.

**Smt Vanitaben Bankimchand Lodaya (PS-6022)**
No.7, Van Villa, 5th Cross,
Bharathi Park, Saibaba Colony,
Coimbatore, TN - 641 011.
M.: 99949 51980.

**Shri Praful Devraj Lodaya (PS-5824)**
4B, Leo Paradise Building, P.T. Usha Road,
Near Hotel Taj, Kozikode, KL - 673 032.
M. : 97464 01889 - Kalpesh Lodaya.
9400704264 - Heena Lodaya

BEING JAIN

# Know Thy Self



- **Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)

There is a beautiful story about the significance and power of self knowledge:

“Ashtavakra” was a sage born with eight body deformities due to which he was named Ashtavakra.

When Ashtavakra was twelve years old, King Janak of Mithila hosted a huge debating conference on the scriptures. He had one thousand cows placed whose horns were plated with gold and decorated with jewels. He proclaimed, ”Whoever is victorious, shall take possession of these cows.” It was a great debate. Ashtavakra's father also participated. At dusk, the message came to Ashtavakra that his father was losing. Receiving this message Ashtavakra went to the palace where his father was on the very edge of defeat.

The pundits saw Ashtavakra as he entered the royal court. The whole meeting broke into laughter. So did Ashtavakra. Seeing this, Janak asked, ” I can understand why everyone else is laughing, but why did you laugh, my son?”

Ashtavakra said, ”I am laughing because the truth is being decided in this conference of butchers. What are all these skinners doing here? ”Butchers? Skinners?” The king asked, ”What do you mean?”

Ashtavakra said, ”These men are skinners, they judge by the skin. Your Majesty, my body is twisted, but I am not. Look at the one within. You can't find anything more straight and pure.”

Janak was impressed and astounded by this startling declaration: ”Absolutely right, why had he gathered a crowd of skinners there?” He couldn't manage to say anything but just fell at Ashtavakra's feet.

We often hear people quote, “ knowledge is power.” Knowledge can be general, scientific, philosophical or self knowledge. General knowledge is the knowledge of facts regarding any or every aspect of the human life, which may or may not be a part of our formal education. General knowledge gives us versatility, oratory and confidence.

Scientific knowledge is knowledge of facts or principles gained by systematic study. It enables invention and innovation and enhances acumen and efficiency.

Michel Foucault, the French philosopher, called philosophy a means of reflecting on not so much what is true or false but on our relation to truth and of answering the question how, given that relation to truth, should we act? Edie Brickell has beautifully lyrically summed it up singing:

**“Philosophy is the talk on a cereal box,**
**Philosophy is a walk on the slippery rocks.”**

Jain philosophy aims at guiding man on the slippery rocks on his way to liberation. To reveal the spiritual path to liberation, Jain philosophy resorts to the concept of Nav Tatva (nine fundamentals) namely:

**(1) Jiv (soul) (2) Ajiv (non-living matter) (3) Punya (merit owing to good deeds) (4) Pap (sin as a results of evil deeds) (5) Asrav (influx of karmas) (6) Samvar (stoppage of karmas) (7) Bandh (bondage of karmas) (8) Nirjara (eradication of karmas) (9) Moksh (liberation).**

The clear understanding of these fundamentals can lead to right faith (samyak darshan), right knowledge (samyak gnan), and right conduct (samyak charitra) and ultimately, lead an individual to moksh.

Thus we see that while a natural science deals with our outer world, philosophy introduces us to our own selves and helps us explore and understand our inner world, though without experiencing it.

Whereas philosophy is an activity of the mind, self knowledge is different. It is direct, experiential knowledge of one's own true, inner self. Here, self is the knower, self is the known and self is also the knowledge.

Doesn't this prove that: like Ashtavakra, only “a person who knows who he is lives a simple life by eliminating from his orbit anything that does not align with his or her overriding purpose”, as Kilroy J. Oldster has said?

એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : અશોક દામજી ડાઘા-વરાડિયા(કોઈમ્બતૂર) વેધા ટેક્ષટાઈલ

Life Power

# HANDLING EMOTIONS

**Alpa Dharamshi** (Multilingual Counsellor) - **M.: 9945365319**
Pehechaan - A Mission To Help Identify Yourself.



Emotions are the drama of your life. Without emotions, life would be dull and boring like an empty canvass. The Star Trek character Spock may have many good qualities, but it is doubtful if he would ever be an ideal life partner, unless the other person is equally unemotional. Emotions are at the heart of both good and bad relationships. They bring people together and also tear them apart.

People express their opinions about emotions, but know little about them and much less how to deal with them, live with them and keep them under control. When we are under their influence, it is as if we are different people, living in a different world. We have stories of gods and goddesses and saints and seers becoming emotional and making mistakes.

Many people would not like to admit that they have difficulty in coping with their emotions. But emotions keep surfacing in our lives and cause mental high and lows. It is necessary that we understand our emotions and know how to live with them, without destroying our zest for life and without impairing our inner peace and mental stability. The following suggestions are helpful to deal with your emotions and gain some control over them.

**1) APPRECIATE YOUR EMOTIONS.**

Not all emotions are bad. There are positive emotions, like joy, happiness and love that are very essential for your well being. They keep you in a positive state of mind and remind you that you are alive. They increase your zest for life and keep you from losing hope through trials and tribulations. They keep you healthy and energetic and make you feel good about yourself.

Even negative emotions like fear and anger have their benefits. Fear keeps you within bounds and saves you from possible harm. Anxiety keeps you alert during some critical tasks, such as driving or preparing for exams. Your anger tells others how they can relate to you and to what extent they can take liberties with you. Besides it helps you to protect yourself from the meanness of others.

So appreciate your emotions. Express your positive emotions like love and joy as frequently as possible. Make it a habit to laugh and smile, if necessary even deliberately. Appreciate all the blessings in your life and live with a sense of gratitude. The more you indulge in positive emotions, the greater will be your ability to cope with the difficulties in your life and accept them as a part of your life.

**2. ACCEPT YOUR EMOTIONS.**

Emotions are an integral and important aspect of your personality. You cannot do without them. You cannot suppress them totally. They are essential for your survival and serve a definite purpose in your life by giving you advance warning signals and alerting you to different situations.

So acknowledge your emotions, by paying them adequate attention. By acknowledging your emotions you give yourself an opportunity to recognize them and take suitable action to channel them in the right direction.

People, who go through severe traumas, often refuse to acknowledge their emotions. They live with their pent up emotions for years together, without even knowing that they are hurting themselves inside. They become hard and indifferent from outside, while internally they remain defensive insecure and deeply suspicious of other people and their motives. This leads to unhappy consequences because by refusing to acknowledge their emotions they deny themselves an opportunity to resolve their suffering and find peace in their hearts and minds.

*(to be continue...)*

**MEDI-CLAIM EXPERT**
**CLAIMS SETTLEMENT**
❖ REJECTED / DELAYED CLAIMS
❖ POLICY FROM ALL COMPANIES COVERED
**CONTACT EXPERT: 9820853112**


SHEMAROOME ORIGINAL
GUJARATI SITCOM
COOL!
BOOM!
Goti Soda
Season 3
WATCH NOW
10% DISCOUNT CODE: PS10
જુઓ તમારા ફેવરિટ
ફિલ્મો | વેબ સિરીઝ | નાટકો
ગુજરાતના શ્રેષ્ઠ એન્ટરટેઈનમેન્ટ એપ પર
shemaroo me
DOWNLOAD NOW
OFFICIAL RETAIL PARTNER POOJARA

CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2021-2023 WPP Licence No. MR/Tech/WPP-352/North/2021-23
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# શ્રદ્ધાંજલીના સુમન અર્પણ



: ઉદય :
૨૨.૦૧.૧૯૬૦

: અસ્ત :
૧૦.૦૨.૨૦૨૩

**સ્વ. શ્રી રાજેશ દામજી શામજી પોલડીયા**
**ગોએરસમા - નાશિક**

શબ્દો નથી સુજતા અમને,
શું લખીએ શ્રદ્ધાંજલીમાં.
નથી તૈયાર મન માનવા,
તમો નથી હવે આ જગમાં.

અમ સર્વ નાશિકવાસીઓને,
યાદ આવે આપની પલપલમાં.
કેમ લીધી અણધારી વિદાય,
સિધાવ્યા છો સ્વર્ગ લોકમાં.

છત્રછાયા ગુમાવી પરીવારે,
સમાજે ગુમાવ્યું અણમોલ રતન,
ચોધાર આંસુડે રડે છે,
ઈલા, ઈશાંક, નૂપુર, યુવમ ને ભવ્યમ્.

મધ્યાહને ઝળહળતો સુર્ય,
શીદને થયો આમ અસ્ત.
સથવારો બધાનો છોડી શીદને,
સંકેલી લીધું તમે જીવન.

પરોપકારી, પરગજુ, ધર્માનુરાગી, નિસ્વાર્થ સેવા માટે સદા તત્પર, બાહોશ, માર્ગદર્શક, સરળ સ્વભાવી, સમાજ સેવક શ્રી રાજેશભાઈના અવસાનથી નાશિક ક.દ.ઓ. જૈન સમાજને ખુબ જ મોટી ખોટ પડી છે. પરમ કૃપાળુ પરમાત્મા સ્વ. શ્રી રાજેશભાઈના આત્માને પરમ શાંતિ અર્પે અને સત્વરે મોક્ષગામી બનાવે તથા માતુશ્રી લક્ષ્મીબાઈ દામજી શામજી પોલડીયા (ગોએરસમા) સમસ્ત પરીવારજનોને આ અસહ્ય આઘાત સહન કરવાની શક્તિ આપે એ જ અભ્યર્થના.

## લી. શ્રી ક દ ઓ જૈન મહાજન/ સંઘ-નાશિક

તથા

**મા. રતનબાઈ નરશી ગોવિંદજી શાહ–નાગડા**
**મા. ચંદનબાલાબેન રાજેન્દ્ર નરશી શાહ–નાગડા**
**મા. દયાવંતીબેન લક્ષ્મીચંદ નરશી શાહ–નાગડા**
**સમસ્ત પરીવાર – પરજાઉ – નાશિક**

| If undelivered, please return to : | To, |
|---|---|
| **C.D.O. PRAKASH SAMIKSHA**<br>A/704, Remi Bizcourt, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai - 400 053. | |

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**